# ૯૭મી વાર્ષિક સાધારણ સભા
# 97th Annual General Meeting

PEOPLE'S BANK *in real sense*

## પ્રમુખશ્રી આશિત ગાંધીનું વક્તવ્ય...

માનનીય સભાસદશ્રીઓ,

આજે આપ સૌને બેન્કની ૯૭મી વાર્ષિક સાધારણ સભામાં આવકારું છું ત્યારે બેન્કના સ્થાપક નામી-અનામી મહાનુભાવોને યાદ કરી શત શત નમન કરું છું. બેન્કના વિકાસમાં આપ સૌનો સાથ અને સહકાર મળતો રહ્યો છે અને મળતો રહેશે એવી આશા રાખું છું.

માર્ચ ૨૦૧૯ ના રોજ પૂરા થતા વર્ષમાં દક્ષિણ ગુજરાતની સહકારી બેન્કોની કુલ ડિપોઝીટ ₹ ૧૧૭૫૪ કરોડ, કુલ ધિરાણ ₹ ૭૦૯૮ કરોડ અને કુલ બિઝનેસ ₹ ૧૮૮૫૨ કરોડનો છે. દક્ષિણ ગુજરાતની સહકારી બેન્કોની કુલ ડીપોઝીટમાં ૩૭.૪૨% અને ધિરાણમાં કુલ ૩૮.૬૦% નો હિસ્સો આપણી બેન્કનો છે. દક્ષિણ ગુજરાતની સહકારી બેન્કોએ કુલ આવકવેરો ₹ ૬૮.૦૫ કરોડ ભર્યો છે. જેમાં આપણી બેન્કનો હિસ્સો ૨૫.૨૦% નો છે.

સરકારના આર્થિક સુધારા અને નવી યોજનાઓને કારણે શરૂઆતમાં મંદ પડેલો વિકાસ હવે ધીમે ધીમે વેગ પકડી રહ્યો છે. તેમ છતાં આપ સૌ જાણો જ છો કે સુરતનો વિકાસ મુખ્યત્વે ટેક્ષ્ટાઈલ અને હીરા ઉદ્યોગને કારણે છે અને આ બન્ને ક્ષેત્રોમાં જી.એસ.ટી. અને e-Way બિલની વિસંગતતા હજુ પણ જણાઈ રહી છે.

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ, એશીયન ડેવલપમેન્ટ બેન્ક અને રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ ભારતનો જી.ડી.પી. ગ્રોથ ૨૦૧૯-૨૦ ના વર્ષ માટે ૭.૩ નો અંદાજ્યો છે. જેના અનુસંધાને રીઝર્વ બેન્કે તેની નિતી ફુગાવાને બદલે સ્થિરતાપૂર્વકના વિકાસ પર રાખી છે.

પબ્લીક સેક્ટર બેન્કમાં વધી રહેલા કૌભાંડોને કારણે વધી રહેલી બીન ઉત્પાદકીય અસ્ક્યામતોએ બેન્કોની મૂડીને સીધી અસર કરી છે. બજેટમાં તે અંગેની જોગવાઈ સરકાર દ્વારા થાય છે પણ આ કોઈ ઉપાય તરીકે હું જોતો નથી. આ બેન્કો જ્યાં સુધી ધિરાણો અને રોકાણોની ક્વોલીટીમાં સુધારો ન કરે ત્યાં સુધી આ બેન્કોમાં આવા કિસ્સાઓ બનતા જ રહેશે.

KYC માર્ગદર્શિકાના ચુસ્તપણે પાલનનો રીઝર્વ બેન્ક આગ્રહ રાખી રહી છે. સેન્ટ્રલાઈઝડ KYC રજીસ્ટ્રેશન (CKYCR) ને કારણે ગ્રાહકોને થોડી મુશ્કેલી પડી રહી હશે પરંતુ મારું માનવું છે કે એકવાર રજીસ્ટ્રેશન નંબર મેળવી લીધા પછી નંબરના આધારે, કાશ્મીરથી કન્યાકુમારી સુધી કોઈપણ બેન્કમાં KYC ડોક્યુમેન્ટસ આપ્યા વિના ખાતુ ખોલાવી શકશો જે ઘણો જ સુખદ અનુભવ હશે.

નીતનવી અમલમાં આવતી ટેકનોલોજી અને તેની સામે સંભવિત સાયબર હુમલાને ધ્યાનમાં લઈ બેન્કો પોતાનું કોર-બેન્કીંગ - CBS - વધુ સુરક્ષિત બનાવી રહી છે. આવતી કાલ ટેકનોલોજીની છે અને દરેક વ્યક્તિએ તેનો સ્વીકાર કરવો જ પડશે. રીઝર્વ બેન્કે દરેક બેન્કોને સાઈબર સીક્યુરીટી પોલીસી બનાવવા જણાવી દીધું છે. જેના અનુસંધાને આપણે પણ એ પોલીસી બનાવી રીઝર્વ બેન્કને મોકલી આપી છે. મને જણાવતા આનંદ થાય છે કે આપણે સાઈબર સીક્યુરીટી ઈન્સ્યુરન્સ પોલીસી પણ લીધી છે. આમ "People's Bank in real sense" નો સિધ્ધાંત આપણી બેન્કે વાસ્તવિક રીતે અમલમાં મૂક્યો છે.

### વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન આપણી બેન્કની ગતિ-પ્રગતિ અને નવિન યોજનાઓ

અર્થતંત્રની ગતિ અને અન્ય વિપરિત પરીબળો સામે પણ આપણી બેન્કે કરેલી પ્રગતિ પર આપ સૌનું ધ્યાન દોરતા ગર્વની લાગણી અનુભવું છું.

- ૩૧-૦૩-૨૦૧૯ ના રોજની બેન્કની કુલ થાપણ ₹ ૪૮૯૮.૪૭ કરોડ અને કુલ ધિરાણ ₹ ૨૭૩૯.૭૭ કરોડના નોંધાયા છે. સતત આર્થિક દબાણના ભય વચ્ચે પણ ગત વર્ષની સરખામણીમાં બેન્કના કુલ બિઝનેસમાં ૧૩.૪૯% વધારો થયો છે.
- કોઈપણ બેન્કના વિકાસમાં તેના બિનઉત્પાદક ધિરાણો અંતરાયરૂપ બની જતા હોય છે. રાષ્ટ્રીયકૃત કે ખાનગી બેન્કના બિનઉત્પાદક ધિરાણ (NPA) ની રકમમાં ખૂબ મોટો વધારો જોવા મળ્યો છે જેનાં રાષ્ટ્રવ્યાપી પડઘા પડ્યા છે. આપણી બેન્કનું NET NPA વર્ષોથી ૦ % છે. જ્યારે ગ્રોસ NPA કુલ ધિરાણના ફક્ત ૨.૨૧ % છે.
- બેન્કનો કાચો નફો ₹ ૬૦.૬૮ કરોડનો થયો છે અને ચોખ્ખો નફો ₹ ૨૬.૮૨ કરોડનો થયો છે. વિપરિત

પરિસ્થિતિમાં પણ બેન્કનો આ નફો તેની કાર્યક્ષમતાની નિશાની છે.

- વર્ષોથી ચાલતી આપણી પરંપરા મુજબ આ વર્ષે પણ ૧૫% ડિવિડન્ડની ભલામણ કરું છું. જેને આપ સૌ મંજુરી આપશો એવી આશા રાખુ છું.
- બેન્કે મુંબઈ શાખાનું નવા પરીસરમાં સ્થળાંતર કર્યું છે તથા બેન્કની રાંદેર રોડ શાખાના ગ્રાહકોની રજૂઆતને ધ્યાનમાં લઈ શાખાનું સ્થળાંતર ગ્રાઉન્ડ ફ્લોર પર નવા પરીસરમાં કરવામાં આવ્યું છે. જેમાં e-Lobby સહિતની સેવા ઉપલબ્ધ છે. બેન્કની ટીમલીયાવાડ તથા મુખ્ય શાખામાં પણ e-Lobbyનો શુભારંભ કરવામાં આવ્યો છે.
- ૯૭ વર્ષના ઈતિહાસમાં આપણી બેન્ક કોઈ કૌભાંડમાં સંડોવાયેલી નથી એજ બેન્કના પારદર્શક અને વ્યવસાયિક વહીવટનો પૂરાવો છે.
- દર વર્ષે બેન્ક તેના સ્થાપના દિન નિમિત્તે મેગા રક્તદાન કેમ્પનું આયોજન કરે છે. આ વર્ષે સ્થાપના દિન તા.૨૧-૪-૨૦૧૯ ના રોજ આયોજીત આ કેમ્પમાં કુલ ૪૨૭ રક્ત યુનીટ મેળવી અન્યને જીવનદાન આપ્યાનું સામાજીક ઉત્તરદાયિત્વ બેન્કે નિભાવ્યું છે.

## ભાવી યોજનાઓ :

- ગ્રાહકોને e-Lobby અંતર્ગત કેશ ઉપાડવા (ATM), કેશ જમા કરવા (BNA), આંતરીક ફંડ ટ્રાન્સફર કરવા, ચેક જમા કરવા (CDM) તથા પાસબુક પ્રીન્ટ (SSPBP) કરવાની સુવિધા ૨૪ × ૭ ઉપલબ્ધ રહેશે. ટૂંક સમયમાં બેન્કની વેસુ, સુમુલ ડેરી, ભટાર રોડ, અડાજણ, સચીન જી.આઈ.ડી.સી. તથા ભાગાતળાવ શાખામાં પણ e-Lobby શરૂ કરવામાં આવશે.
- ગ્રાહકો બેન્કની શાખામાં, બેન્કના સમયમાં જઈને બેકીંગ સેવા મેળવવાને બદલે ગમે તે સમયે ૨૪ × ૭ × ૩૬૫ બેન્કની e-Lobby સુવિધા થકી બેકીંગ સેવાનો લાભ લે તેવી આપ સૌને વિનંતી છે.
- હાલમાં NET-BANKINGમાં Viewing Facility કાર્યરત છે. બેન્કને ટ્રાન્ઝેકશન બેઝડ બેકિંગ માટે RBI પાસે મંજૂરી મળી હોય ટૂંક સમયમાં NET-BANKING સુવિધા (ટ્રાન્ઝેકશન બેઝડ) શરૂ કરવામાં આવશે.

## આભાર દર્શન :

- આપણી બેન્ક ૯૮માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. બેન્કની આ પ્રગતિ યાત્રામાં અનેક જાણ્યા-અજાણ્યા લોકોનો સાથ સહકાર મળ્યો છે તેવા સમયે આભાર દર્શન પણ એટલું જ જરૂરી છે.
- બેન્કને જરૂરી માર્ગદર્શન, સલાહ સૂચનો આપવા બદલ RBI ના અધિકારીશ્રીઓ, સેન્ટ્રલ રજીસ્ટ્રારશ્રી, રાજ્ય સહકારી ખાતાના કમિશ્નરશ્રી, જીલ્લા રજીસ્ટ્રારશ્રી તથા બોર્ડ ઓફ નોમીનીશ્રીનો હૃદયપૂર્વક આભાર માનુ છુ.
- બેન્કના કાનૂની સલાહકારો, વેલ્યુઅર, આર્કિટેકટ, કોન્કરન્ટ / ઈન્ટરનલ / સ્ટેચ્યુટરી ઓડીટરના યોગદાન બદલ તેઓનો પણ ખૂબ ખૂબ આભાર.
- બેન્કના સંચાલનમાં સહાયરૂપ ઉપ-પ્રમુખ શ્રી સંજીવ તમાકુવાળા તથા સાથી ડિરેકટરશ્રીઓ, જનરલ મેનેજરશ્રી ડૉ. જતીન નાયક, આસી. જનરલ મેનેજર્સશ્રી મુકેશ પટેલ, શ્રી સુનીલ કાપડીયા, શ્રી આશુતોષ કાપડીયા, શાખા પ્રબંધકો, સર્વ કર્મચારીગણ, યુનિયનના હોદ્દેદારો વિગેરેનો આભાર વ્યક્ત કરી બેન્કના ઉત્કૃષ્ટ વહીવટમાં આપેલા સહકાર બદલ સૌની સરાહના કરું છું. બેન્કના કાનુની સલાહકાર શ્રી આઈ. જે.દેસાઈના સહકારની સાભાર નોંધ લઉ છું.
- બેન્કના ઉપ-પ્રમુખ શ્રી સંજીવ તમાકુવાળા, ડિરેકટરશ્રી નરેન્દ્ર ગાંધી, શ્રી જયવદન બોડાવાલા, શ્રીમતી જસ્મીન મહેતા, શ્રી જગદીશ રંગરેજ તથા શ્રી કેતન મોદીની સિધ્ધિઓને બિરદાવું છું અને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.
- વખતોવખત સહકારી બેન્કની પડખે રહેનાર પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડીયાની આ તબક્કે નોંધ લઈ ખાસ આભાર વ્યક્ત કરું છું.
- બેન્કમાં પ્રમુખપદના પ્રથમ વર્ષ દરમ્યાન થયેલ વિકાસ માટે આપ સૌ સભાસદો, ગ્રાહકો, શુભેચ્છકો તથા સમગ્ર પીપલ્સ બેન્ક પરીવાર તરફથી મળેલ સહકાર બદલ હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

જય સહકાર.

તા. : ૩૧-૦૭-૨૦૧૯
સુરત

**આશિત ગાંધી**
પ્રમુખ